# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્યના 18 જિલ્લાઓ અને પાંચ મહાનગરપાલિકામાં આજે 0-5 વર્ષના બાળકોને બે ટીંપા પોલિયોના પીવડાવવામાં આવ્યા.
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિ-દિવસીય સત્સંગ મહોત્સવમાં કહ્યું કે વિકસિત ભારતના સંકલ્પમાં ગુજરાત આગેવાની લેશે.
3. જાહેર વિતરણ વ્યવસ્થામાં સફળતાપૂર્વક અમલીકરણ માટે રાજ્યને પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો.
4. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 11 ડિસેમ્બરે રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર વિજેતાઓનું સન્માન કરશે.
5. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિ અપનાવવા ખેડૂતોને અપીલ કરી.

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# POLIO RAVIVAR

રાજ્યના 18 જિલ્લાઓ અને પાંચ મહાનગરપાલિકામાં આજે પલ્સ પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત 0-5 વર્ષના બાળકોને બે ટીંપા પોલિયોના પીવડાવવામાં આવ્યા.

વિવિધ જિલ્લાની અલગ અલગ વિસ્તારોમાં પોલિયો બુથ બનાવી આરોગ્ય વિભાગ દ્વારા બાળકો માટે ઈમ્યુનાઈઝેશનની કામગીરી કરાઈ. નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે નર્મદા જિલ્લામાં પોલિયોના ટીપાં બાળકોને પીવડાવ્યા હતા.

## (બાઇટ- ડો.દર્શનાબેન દેશમુખ, ધારાસભ્ય, નાંદોદ)

રાજ્ય સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યની સાથે નર્મદા જિલ્લામાં આજથી થી ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન "પોલિયો રસીકરણ અભિયાન" ચાલશે.

--------------

# POLIO RAVIVAR -2

કચ્છ, દ્વારકા, સુરેન્દ્રનગર અને મહીસાગર જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત 0-5 વર્ષના બાળકોને પોલિયોના ટીપા પીવડાવવા આવ્યા છે.

કચ્છ જિલ્લામાં ધારાસભ્ય કેશુભાઈ પટેલે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવીને બૂથને ખુલ્લું મૂક્યું હતું.

દ્વારકા જિલ્લામાં પણ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત 5 વર્ષે સુધીના બાળકો ને પોલિયો ડોઝ પીવડાવાયા.

સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી થી 10 ડીસેમ્બર એમ ત્રિ-દિવસીય “પોલિયો રસીકરણ અભિયાન” કાર્યક્રમ શરૂ થયો છે. આ કાર્યક્રમમાં 859 બુથ પર અંદાજે 2 લાખ 21 હજારથી વધુ બાળકને પોલિયો રસીના ટીપા પીવડાવવામાં આવશે.

મહીસાગર જિલ્લામાં પણ પલ્સ પોલીયો રસીકરણ અભિયાનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર નેહા કુમારીના હસ્તે લુણાવાડા તાલુકાના કોઠા ગામે 0 થી 5 વર્ષના બાળકોને પલ્સ પોલીયો રસીના ટીપા પીવડાવવામાં આવ્યા હતા.

--------------

## CM - RIVERFRANT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે યોજાયેલ સત્સંગ અને સેવાના ત્રિ-દિવસીય મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા. આ મહોત્સવ પૂજ્ય ગુરુદેવ શ્રી રાકેશજીની પધરામણીના ૨૦ વર્ષ પૂરા થવાના અવસરે યોજાયો છે.

મુખ્યમંત્રીશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રી લિખિત 'મોહશત્રુનો પરાજય' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર, અમદાવાદ કેન્દ્ર અને વિહારભવન ટ્રસ્ટ (અમદાવાદ- વડવા - ઇડર)ના ઉપક્રમે આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતનો સંકલ્પ કર્યો છે, એ સંકલ્પમાં ગુજરાત આગેવાની લેશે.

આ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરી આર્શીવાદ મેળવ્યા હતા. તેમની સાથે કુટીર, ખાદી અને

ગ્રામોદ્યોગ મંત્રી જગદીશ પંચાલ, અમદાવાદના મેયર પ્રતિભા જૈન, સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

-------------

## PDS AWARD

જાહેર વિતરણ વ્યવસ્થામાં સપ્લાઇ ચેઇન ઓપ્ટિમાઇઝેશનના સફળતાપૂર્વક અમલીકરણ માટે કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યને પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કર્યો છે.

રાજ્યમાં આવેલ ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના તમામ ગોડાઉન  તેમજ તમામ વાજબી ભાવની દુકાનોને ઓનલાઇન જાહેર વિતરણ વ્યવસ્થા પ્લેટફોર્મમાં સફળતાપૂર્વક જીઓ-ફેન્સ કરવામાં આવ્યા છે. ડિસેમ્બર 2023 થી જુલાઇ 2024 દરમિયાન જાહેર વિતરણ વ્યવસ્થા વિભાગે પરિવહન ખર્ચમાં સાડા ચાર કરોડ અને માસિક 56 લાખની બચત કરી હતી.  જેના પરિણામે કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને નવી દિલ્હી ખાતે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો હતો.

--------------

## PRESIDENT – RASHTRIYA PANCHAYAT PURASKAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 11 ડિસેમ્બર ને બુધવારે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર વિજેતાઓનું સન્માન કરશે. જેમાં રાજ્યના પંચમહાલ જિલ્લાના

ઘોઘંબા તાલુકાના વાવકુલી 2 ગામના પગી રાજેન્દ્રકુમાર કાળુભાઈને એવોર્ડ એનાયત કરવામાં આવશે.

ચાલુ વર્ષે વિવિધ કેટેગરી હેઠળ 45 પારિતોષિક વિજેતાઓની પસંદગી કરવામાં આવી છે. આ કેટેગરીમાં દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સતત વિકાસ પુરસ્કાર, નાનાજી દેશમુખ સર્વોત્તમ પંચાયત સતત વિકાસ પુરસ્કાર, ગ્રામ ઊર્જા સ્વરાજ વિશેષ પંચાયત પુરસ્કાર, કાર્બન ન્યૂટ્રલ વિશેષ પંચાયત પુરસ્કાર, અને પંચાયત ક્ષમા નિર્માન સર્વોત્તમ સંસ્થાન પુરસ્કારનો સમાવેશ થાય છે.

--------------

## SANJIV BHATT

પોરબંદરની અદાલતે પૂર્વ આઇપીએસ અધિકારી સંજીવ ભટ્ટને કસ્ટોડીયલ ટોર્ચર કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. ફરિયાદી નારણ જાદવ પાસ્તરીયાએ પાંચમી જુલાઇ 1997ના રોજ સંજીવ ભટ્ટ સામે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેમાં ફરિયાદી અને તેના પુત્ર અને ભાઇને પોલીસ કસ્ટડીમાં માર મારવાની ફરિયાદ કરવામાં આવી હતી.

આ કેસમાં પોરબંદરના એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ મુકેશ પંડ્યાએ શંકાનો લાભ આપી સંજીવ ભટ્ટને નિર્દોષ જાહેર કર્યા છે.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## RAJYPAL-SURAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા સુરત જિલ્લા વહીવટીતંત્ર અને આત્માના અધિકારીઓ સાથે પ્રાકૃતિક ખેતી સંદર્ભે બેઠક યોજી હતી. રાજ્યપાલે આ બેઠકમાં જણાવ્યું કે પ્રાકૃતિક કૃષિ સાથે દેશના 1 કરોડ ખેડૂતોને જોડવા રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન શરૂ કરી આ મિશન માટે 2 હજાર 481 કરોડની ફાળવણી કરી છે. રાજ્યપાલે પર્યાવરણની રક્ષા, દેશી ગાયની રક્ષા, રોગમુક્ત સ્વસ્થ જીવન અને ખેડૂતના સર્વાંગી કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યના ખેડૂતોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો પર ભાર મૂક્યો હતો. ઉમરપાડા તાલુકાનું બિલવણ ગામ પ્રાકૃતિક ગામ બન્યું છે અને ૧૦૦ ટકા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે

--------------

## GIR SOMNATH-CHINTAN SHIBIR

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ ચિંતન શિબિરમાં ભાગ લીધો હતો. તેમણે જણાવ્યું કે, રખડતા ભટકતા પશુઓ અને માલિકીનાં પશુઓને પકડ્યા બાદ તેના સુચારૂ વ્યવસ્થા માટેનું આયોજન કરાશે. વધુમાં કલેકટરે જણાવ્યું હતું કે, સોમનાથ અને વેરાવળમાં રખડતા પશુ માટે આ શિબિરમાં નક્કર કામગીરી હાથ ધરવાનું નક્કી થયું છે.

(બાઈટ-દિગ્વિજયસિંહ જાડેજા, કલેકટર, ગીર સોમનાથ)

--------------

## PANCHMAHAL - E KYC

પંચમહાલ જિલ્લાના પુરવઠા વિભાગ દ્વારા ગોધરા, શહેરા, કાલોલ અને હાલોલ નગરપાલિકા વિસ્તારમાં રેશનકાર્ડ e-KYC અને આધાર કાર્ડ અપડેટનો મેગા કેમ્પ યોજાયો. આ કેમ્પમાં વહેલી સવારથી જ લોકો જોડાયા હતા. વહીવટી તંત્ર દ્વારા મોટી સંખ્યામાં લોકોને કીટ આપવામાં આવી હતી. જિલ્લા પુરવઠા અધિકારીએ મેગાકેમ્પની મુલાકાત લીધી હતી, અને વધુમાં જણાવ્યું કે...

(બાઈટ : એચ ટી મકવાણા, જિલ્લા પુરવઠા અધિકારી, પંચમહાલ)

-------------

## DAHOD LOKARPAN- K.DINDOR

આદિજાતિ વિકાસ અને શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડીંડોરે દાહોદના સંજેલી તાલુકામાં ગરાડીયા ખાતે કન્યા સાક્ષરતા નિવાસી શાળાનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે સરકારે આદિવાસી દીકરીઓને ઘર આંગણે વિનામૂલ્યે અભ્યાસ કરવા માટેની વ્યવસ્થા કરી આપી છે.

તેમણે વધુમાં કહ્યું કે, વિદ્યાર્થીઓ આગળ વધીને ઉદ્યોગ સાહસિક બને અને તેઓનો સર્વાંગી વિકાસ થાય એ માટેની તમામ વ્યવસ્થા કરાઇ રહી છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, ૧૯ કરોડના ખર્ચે બનાવેલ આ શાળામાં ૪૦૦ જેટલી દીકરીઓ માટે અભ્યાસની સાથોસાથ રહેવા, જમવા, રમતગમત, કોમ્પ્યુટર લેબ જેવી તમામ પ્રકારની સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી કરીને આપણી આદિવાસી દીકરીઓને પોતાનું કરિયર બનાવવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી પડે નહીં.

--------------

## CM – SAMUH LAGN

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે** અમદાવાદના ગોતા ખાતે શ્રી રાજપૂત વિદ્યાસભા-ગુજરાત દ્વારા આયોજિત તૃતીય સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે **ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત જોડાયા હતા.**

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, દરેક સમાજને સાથે લઈને આગળ વધીએ તો સામાજિક એકતા થકી રાજ્ય અને દેશને વિકાસના માર્ગે આગળ

વધારી શકાય છે. રાજપૂત વિદ્યાસભા સંસ્થા શિક્ષણ, યુવા જાગૃતિ, સામાજિક ઉત્થાન, સ્ત્રી સશક્તીકરણ સહિતના વિવિધ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરી રહી છે. જ્યારે પણ સમાજો અને સામાજિક સંસ્થાઓ સમાજ સુધારણા અને સામાજિક જાગૃતિ માટે કાર્ય કરી રહી હોય, ત્યારે રાજ્ય સરકાર પણ સહયોગ માટે પ્રતિબદ્ધ રહે છે.

ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ૧૯૬૪માં સ્થપાયેલી રાજપૂત વિદ્યાસભા સંસ્થા અનેક સામાજિક અને લોકજાગૃતિનાં કામો કરીને સામાજિક એકતા જાળવી રાખવા માટે મહત્વનું કાર્ય કરે છે.

-------------

## DAHOD- DISHA SAMITI BETHAK

દાહોદ ખાતે સાંસદ જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને દિશા સમિતિની બેઠક યોજાઈ ગઇ. જેમાં સરકાર દ્વારા અપાતી યોજનાઓ અંગેની કામગીરી વિશે સમીક્ષા કરાઈ. શ્રી ભાભોરે પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓ સુધી સો ટકા લાભ પહોંચે એ માટેની સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા સમાજ સુરક્ષા, મહિલા અને બાળ વિકાસ, જિલ્લા બાળ સુરક્ષા, માર્ગ અને મકાન, નગરપાલિકા, પાણી પુરવઠા, વાસ્મો, આત્મા પ્રોજેક્ટ, ખેતીવાડી, શિક્ષણ, આરોગ્ય, પુરવઠા, મધ્યાહ્ન ભોજન, શ્રમ, રોજગાર અને પશુપાલન વિભાગ જેવા સરકારશ્રીના વિભાગો દ્વારા કરવામાં આવતી યોજનાકીય કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

-------------

## DANG - KRUSHI MAHOTSAV

ડાંગમાં બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૪ યોજાયો. જેમાં ત્રણ હજારથી વધુ ખેડૂતોએ ભાગ લીધો.

આ મહોત્સવમાં વઘઇ કૃષિ યુનિવર્સીટીના કૃષિ વૈજ્ઞાનિકો, તેમજ દરેક તાલુકાના પ્રગતિશિલ ખેડુતોએ ટકાઉ ખેતી પધ્ધતિ, પ્રાકૃતિક ખેતી, મિશ્ર પાક પદ્ધતિ, મિશ્ર ખેતી, ખેતી પાકોના મૂલ્ય વર્ધન દ્વારા ખેડૂતોની આવકમાં વધારો અને મિલેટ્સની ખેતીને પ્રોત્સાહન જેવા વિષયો પર પોતાના અનુભવો સાથે ખેડૂતોને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. સાથે જ ખેડૂતોએ પણ તેઓને મુંઝવતા પ્રશ્નોનું આદાન-પ્રદાન કરી જરૂરી માર્ગદર્શન નિષ્ણાંતો પાસેથી મેળવ્યું હતું.

--------------

## VALSAD – KHATMUHURAT- KANU DESAI

રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઈએ સરીગામ બાયપાસ અને ડુંગર પુનાટ કાલય માર્ગનું ખાતમુહૂર્ત કર્યું.

તેમણે જણાવ્યું કે સરીગામ જીઆઇડીસીને જોડતો અતિ મહત્વનો ગણાતો સરીગામ બાયપાસ રોડ રૂપિયા 10 કરોડ 56 લાખ રૂપિયાના ખર્ચે 2.4 કિ.મી તથા સરીગામ ડુંગર પુનાટ કાલય રોડ રૂપિયા 4 કરોડ 81 લાખ રૂપિયાના ખર્ચે 12 કિ.મી. નવો બનશે.

-------------

# NATIONAL ROLLER SKETING

62મી રાષ્ટ્રીય રોલર સ્કેટીંગ ચેમ્પિયનશીપ 2024 સ્પર્ધામાં અમદાવાદના વિદ્યાર્થી વરૂણ શાહને સુવર્ણ ચંદ્રક મળ્યો છે. આ સ્પર્ધા તમિલનાડુ ખાતે પોલાચીમાં યોજાઇ હતી. 14 થી 17 વર્ષની શ્રેણીમાં યોજાયેલ ફિગર્સ સ્કેટીંગ સ્પર્ધામાં અલગ અલગ રાજ્યોમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં અમદાવાદ શારદા મંદિર મોર્ડન હાઇસ્કુલના 11માં ધોરણમાં ભણતા વરૂણ શાહે સુવર્ણ ચંદ્રક મેળવીને રાજ્ય તથા શાળાનું નામ રોશન કર્યું છે.

--------------